સંક્ષિપ્ત સમાચાર

કડોદમાં નિ:શુલ્ક સ્ટડી સેન્ટરનો પ્રારંભ

કડોદ: ગુજરાત સરકારમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેનું નિ:શુલ્ક સ્ટડી સેન્ટર 'ડ્રીમ લાઇબ્રેરી-કડોદ'નો ભવ્ય શુભારંભ બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે થયો હતો. ઉદ્ઘાટન સમારંભના પ્રારંભમાં લાઇબ્રેરીના પ્રમુખ ઘનશ્યામભાઈ ગાંધીએ ઉપસ્થિત મહેમાનો અને દાતાઓનું સ્વાગત કરી કડોદના સાર્વજનિક પુસ્તકાલયનો ઇતિહાસ અને તેના વિકાસમાં સહભાગી થયેલા ભૂતકાળના વડીલોનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે પ્રતાપસિંહ દેસાઈ, બાવુભાઈ પ્રજાપતિએ સેવાભાવી યુવા અગ્રણીઓ કુશ જોષી, ધર્મેશ મોદી અને નિલેશ પારેખની નિ:સ્વાર્થ સેવાને બિરદાવી હતી. આ પ્રસંગે દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ધામખડીમાં બે બાઇક અથડાતાં યુવાનનું મોત , બે ઘાયલ

અનાવલ: ધામખડીમાં ગત તા.૨૪ માર્ચે રાત્રે સગ્રામપુરાથી વલવાડા જતા જાહેર રોડ પર બે બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતી હીરો સ્પ્લેન્ડર બાઇકે યુનિકોર્ન બાઇકને પાછળથી ટક્કર મારતાં સ્પ્લેન્ડર ચાલક અક્ષય રાકેશ પટેલ (ઉ.વ. ૨૧) (રહે., મહુવરીયા)નું મોત નીપજ્યું હતું. જ્યારે યુનિકોર્ન પર સવાર મિનેશ પટેલને ફ્રેક્ચર થયું હતું. ચાલક પ્રતીક પટેલ અને બ્રિજેશ પટેલ પણ ઈજાગ્રસ્ત થયા હતા. અનાવલ પોલીસે પ્રતીક પટેલની ફરિયાદના આધારે તપાસ આદરી છે.

કીમમાં કરંટ લાગતાં શ્રમિક યુવકનું મોત

કીમ: સુરતના સ્યાદલા સ્થિત આનંદ ફેબ્રિકામાં RO પ્લાન્ટની સ્વીચ ચાલુ કરતી વખતે ઇલેક્ટ્રિક કરંટ લાગવાથી મૂળ એમપીના ઝાબુઆના ૨૭ વર્ષીય શ્રમિક યુવક કછવાભાઈ કટારાનું મોત નીપજ્યું હતું. કીમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પલસાણામાં યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

પલસાણા: મૂળ બિહાર અને હાલ પલસાણાની અલાઉદ્દીન બિલ્ડિંગ રૂમ નં. C-307 ખાતે રહેતા ઈદ મોહમ્મદ અલી ફકરૂદ્દીન અલી (ઉ.વ.૨૩)એ પોતાના ઘરે છતના હૂંક સાથે સાડી વડે ફાંસો ખાઈ લીધો હતો.

બારડોલીમાં જુગાર રમાડતો બુકી ઝડપાયો

બારડોલી: બારડોલીના તલાવડી વિસ્તારમાં રંગ ઉપવન પાછળ 'મુંબઈ ટાઈમ' નામનો આંકડાનો જુગાર રમાડતા રાજુ ભાણા રાઠોડ (ઉ.વ.૪૯)ને ટાઉન પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ. ૨,૩૦૦ની રોકડ જપ્ત કરી હતી.

સોનગઢનો સાયબર ક્રાઇમના ગુનાનો આરોપી ઝડપાયો

સોનગઢ: સોનગઢ પોલીસે ફેસબુક પર 'Kinjal Kinjal Gamit' નામની ખોટી આઈડી બનાવી યુવતીનો ફોટો મૂકી હેરાનગતિ અને બદનામી કરનાર આરોપીને ઝડપી લીધો છે. પોલીસે અમરેલીના બગસરાના સુડાવડના જિગ્નેશ ઉર્ફે કાળુ પાનસુરીયા (ઉ.વ.૩૬) સામે કાર્યવાહી હાથ ધરી છે.

બેંકે સીલ મારેલા મકાનમાં રહેતા દંપતી સામે કાર્યવાહી

બારડોલી: બારડોલીના બાબેન સ્થિત શ્રદ્ધાનગર સોસાયટીમાં બેંક ઓફ મહારાષ્ટ્ર દ્વારા સીલ કરાયેલા મકાનનું સીલ તોડી ગેરકાયદે પ્રવેશ કરવા બદલ મકાનમાલિક ઉત્તમ પાટીલ અને પત્ની સુલભાબેન સામે ફરિયાદ નોંધાઈ છે. રૂ.૧૫ લાખની લોન ન ભરતાં બેંકે કાયદેસર કાર્યવાહી કરી મકાન સીલ કર્યું હતું. આ દંપતીએ બીજી વાર આ ગુનો આચર્યો છે.

સાબરગામ કોલેજમાં ટેક્નોલોજી વિશે વ્યાખ્યાન યોજાયું

અંત્રોલી: અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન-સાબરગામ કોલેજ ખાતે વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અંગે સમજ પ્રાપ્ત થાય એ હેતુથી 'The Power of Artificial Intelligence' વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાયો હતો. આ કાર્યક્રમમાં વી.ટી.પોદાર કોલેજના વક્તા ડો.ઈશાન કામ્હાણકાર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વિકાસ, શિક્ષણ, વ્યવસાય, સંશોધન અને રોજગાર ક્ષેત્રે તેના વધતા પ્રભાવ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રિન્સિપાલ ડો.ફાલ્ગુનીબેન ઠક્કરે વિદ્યાર્થીઓને ટેક્નોલોજી સાથે સતત અપડેટ રહેવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમનું આયોજન ડો.રાકેશભાઈ, પ્રો.દર્શન દેવધરા અને ડો.પ્રિયંકા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

કડોદમાં પ્રદૂષણથી ત્રસ્ત લોકોનો હોબાળો

રિધાંતા એલ્યુમિનિયમ ફેક્ટરી ખાતે 150થી વધુ ગ્રામજનો ઘસી ગયા

કડોદ સહિત 6 ગામના લોકો સોમવારે બારડોલી ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર આપશે

ઉકેલ ન આવે તો આંદોલનની ચીમકી

કેતન પટેલ, ચેતન ટેલર

કડોદ, બારડોલી: કડોદ-મિયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી GIDCના ઉદ્યોગો દ્વારા બેફામ રીતે હવા અને પર્યાવરણને પ્રદૂષિત કરવામાં આવી રહ્યું છે. ફેક્ટરીઓના બોઈલરમાંથી નીકળતા ઝેરી કાળા ધુમાડા અને દુર્ગંધ મારતા ગેસના કારણે સ્થાનિક રહીશોનું જીવવું હરામ થઈ ગયું છે. વારંવાર તંત્રને ફરિયાદો કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં આખરે ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો અને 150થી વધારે ગ્રામજનોએ કડોદ GIDCની રિધાંતા એલ્યુમિનિયમ ફેક્ટરી ખાતે પહોંચીને ઉગ્ર રજૂઆત કરી હતી. જીઆઈડીસીમાં ચાલતા બેફામ પ્રદૂષણ ઓકતાં એકમોના કારણે કડોદ, મિયાવાડી, ઝરીમોરા, મસાડ, નસુરા અને વઢવાણિયા ગામના હજારો લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યાનુસાર બોઈલરમાંથી સતત છોડાતા કાળા ધુમાડા અને કેમિકલયુક્ત ઝેરી હવાના કારણે ગ્રામજનોમાં શ્વાસ અને ચામડીના રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. તેમજ પાક અને પશુઓના સ્વાસ્થ્યને પણ નુકસાન થઈ રહ્યું છે.

સ્થાનિકોએ અગાઉ પણ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, હજીરા GIDC તેમજ બારડોલીના ડેપ્યુટી કલેક્ટર જિગ્નાબેન પરમારને લેખિતમાં ગંભીર ફરિયાદો કરી હતી. પરંતુ આજદિન સુધી કોઈ નક્કર ઉકેલ ન આવતાં ગ્રામજનોમાં ભારે રોષ છે. શનિવારે કડોદ જીઆઈડીસી ખાતે એકઠા થયેલા ગ્રામજનોએ એકસૂરે માંગ કરી હતી કે પર્યાવરણને નુકસાન પહોંચાડતા અને નિયમોનું ઉલ્લંઘન કરતાં એકમોને તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવે. આ અંગે આગામી સોમવારે કડોદ અને આસપાસના ગ્રામજનો ભેગા મળીને બારડોલી ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવશે. જો તંત્ર દ્વારા આ પ્રદૂષણકારી એકમો સામે કડક પગલાં લેવામાં નહીં આવે તો કડોદ અને આજુબાજુના લોકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે.

મહુવા-અંબિકામાં શિક્ષણ મુદ્દે વિરોધ કરનારાઓની અટકાયત

મહુવા પટેલ

ડિટેઇન બાદ કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની ખબર મળતાં યુવાનોમાં ખુશી

અનાવલ: મહુવા અને અંબિકા તાલુકામાં શનિવારે જાગૃત નાગરિકો અને યુવાનો દ્વારા શિક્ષણ વ્યવસ્થાના વિવિધ પ્રશ્નોને લઈ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શન મહુવા તાલુકા ના બિરસા મુંડા સર્કલ (મિયાપુર) ખાતે યોજાયું હતું, જેમાં ૧૦૦થી પણ વધુ સ્થાનિક યુવાનો અને જાગૃત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનકારીઓએ પેપર લીક રોકવા અને સરકારી શાળાઓના સંરક્ષણ માટે અવાજ ઉઠાવ્યો હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે આયોજકો સહિત વિરોધ કરી રહેલા યુવાનોની અટકાયત કરી હતી. જોકે, કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાના સમાચાર યુવાનો સુધી પહોંચતાં ડિટેઈન કરાયેલા યુવાનો અને સ્થાનિકોમાં ભારે ઉત્સાહ છવાઈ ગયો હતો. યુવાનોએ ફટાકડા ફોડીને વિજય ઉત્સવ મનાવ્યો હતો.

કોસંબા નજીક હાઈવે પર ટ્રાવેલ બસમાં આગ લાગતાં નાસભાગ

ઈબ્રાહીમ કાનુ

જિલ્લા ટ્રાફિક પોલીસે બસમાંથી મુસાફરોને સલામત રીતે ઉતારી ઉમદા કામગીરી કરી

હથોડા: સુરત-અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૪૮ પર કોસંબા નજીક આવેલા ધામણોમાં એક ખાનગી ટ્રાવેલ્સની બસમાં અચાનક ભીષણ આગ લાગતાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. આ બસ સુરતથી મુસાફરોને લઈને રાજસ્થાન તરફ જઈ રહી હતી. સુરતથી આશરે ૫૦ કિલોમીટર દૂર ધામણોદ નજીક પહોંચતા જ બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ જોઈને બસમાં સવાર મુસાફરોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. જોકે, બસના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક બસને રોડ સાઇડ ઊભી રાખી દીધી હતી.

એ જ સમયે ઘટના સ્થળેથી પસાર થઈ રહેલા સુરત જિલ્લા ટ્રાફિક પોલીસના કર્મચારી ચંદ્રકાંતભાઈ અને તેમના સ્ટાફે તાત્કાલિક મદદમાં આવી તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જોતજોતામાં આખી બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:30pm
Layak Nalayakk-Gujarati
05:30pm
Jan Neta
11:00am, 02:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

અંદાજે 13 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા

સ્માર્ટ વિલેજ બુહારીમાં પુર્ણા નદીના કિનારેના પ્રોટેકશન વોલ ફેઝ - ૨નું લોકાર્પણ કરાયું

બુહારી ગામની પ્રોટેકશન વોલનું ઉદ્ઘાટન બુહારીના નાગરિકોએ સ્વયંભૂ કર્યું હતું

બુહારીના નાગરિકોએ સ્પષ્ટ જણાવ્યુ છે કે અમારો વિરોધ સરકાર સાથે કે ભાજપ સાથે નથી. અમારો વિરોધ માત્ર ને માત્ર ધારાસભ્ય સાથે છે

તાપી જિલ્લા ના એકમાત્ર સ્માર્ટ વિલેજ બુહારી ના પુર્ણા નદીના કાઠે ગામ ના અગ્રણી સત્યજીતભાઈ દેસાઈ ના અથાગ પરિશ્રમ અને કુશળ નેતૃત્વ ના લીધે ગુજરાત સરકાર દ્વારા અંદાજે ૧૩ કરોડ રૂપિયા ના ખર્ચે પ્રોટેકશન વોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેના ફેઝ - ૧ નું ઉદ્ઘાટન ગામના અગ્રણી અને માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી ના પ્રમુખશ્રી સત્યજીતભાઈ દેસાઈ તેમજ સરપંચ શ્રીમતિ વનિતાબેન ગામીત ના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ ફેઝ - ૨ નું ખાતમુર્હુત પણ તેઓના હસ્તે જ કરવામાં આવ્યું હતું.

આજરોજ મહુવાના ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા અને એમના સમર્થક ભુપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયામાં જાહેરાત કરી હતી કે ૨૫ તારીખે સવારે ૧૦:૦૦ કલાકે ગાંધીનગર થી મોટા નેતા પધારનાર છે અને પ્રોટેકશન વોલનું લોકાર્પણ કરનાર છે. જેથી એમના એકમાત્ર મેસેજ થી સ્વયંભૂ બુહારીના ૧૨૦૦ કરતાં વધુ લોકો બાપા સીતારામ મઢૂલી ખાતે ગાંધીનગર થી પધારનારા મોટા નેતાના સ્વાગત માટે આવકારવા માટે એકત્ર થયા હતાં. પરંતુ કોઈક કારણસર ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા તેમજ ગાંધીનગર થી પધારનારા નેતા ઉપસ્થિત રહ્યા ન હતા. અને અંતે બુહારીના નાગરિકોએ ગામના વડિલ અગ્રણી અને માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી ના પ્રમુખશ્રી સત્યજીતભાઈ દેસાઈ તેમજ સરપંચ શ્રીમતિ વનિતાબેન ગામીત ના હસ્તે પ્રોટેકશન વોલનું લોકાર્પણ રીબીન કપાવીને કરાવ્યુ હતું. આમ બુહારીની જાગૃત જનતા અને સ્વયંભૂ નાગરિકોએ પોતે પ્રોટેકશન વોલનું ઉદ્ઘાટન કર્યું હતું.

ખૂબ મોટી સંખ્યામાં ૧૨૦૦ કરતાં વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

બુહારી ગામની ગરીબ વિધવા મહિલા અને એમના પુત્રની કેબિન પણ ખોટી રીતે દૂર કરાવનારા ધારાસભ્ય ઉપર ગામ ખૂબ કોપાયમાન છે.

ગ્રામજનોએ મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા એ વિકસિત બુહારીને ઉજ્જડ બનાવવા માટે માનનીય મુખ્યમંત્રી સાહેબશ્રી ને સર્વિસ રોડ અને ગટર લાઈન બનાવવા ભલામણ પત્ર લખ્યો હતો. તેના વિરોધમાં સહી ઝુંબેશ આદરી હતી. સમગ્ર ગામે ધારાસભ્યન આવા અવિચારી ને કરેલા બાલિશ કરતૂતનો વિરોધ નોંધાવ્યો છે. અને ખૂબ મોટી સંખ્યામાં સહી કરીને સામૂહિક મુખ્યમંત્રી સાહેબને સર્વિસ રોડ અને ગટર લાઈન નહીં બનાવવા માટે રજૂઆત કરી છે.

અગાઉ રિવરફ્રન્ટ પણ ધારાસભ્ય એ અટકાવ્યો છે. લાઈબ્રેરી અટકાવીને પોતાની ખાનગી સંસ્થામાં બનાવડવી છે. જિલ્લા પંચાયત પ્રમુખ ચંચળબેન ચૌધરી દ્વારા પણ લાઈબ્રેરી માં વિરોધ કરતાં સમગ્ર બુહારી ગામની જનતાને ધારાસભ્યશ્રી તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ પર ભારે રોષ જોવા મળી રહ્યો છે.

એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે

૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં સોલાર પ્રોજેક્ટ માટે

ડોલવણ: ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર,પાટી, પાઠકવાડી, સિંધાઈ (૨૨ થી ૨૫ વીંઘા)

અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.

મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬

સોલાર પ્રોજેક્ટ માટે જોઈએ છે

માંડવી(સુરત) ખાતે સોલાર પ્રોજેક્ટ માટે અનુભવી પ્લાન્ટ ઓપરેટર/મેનેજર ની જરૂરિયાત છે.

કોન્ટેક્ટ નંબર:
૮૮૬૬૪૬૬૯૪૮, ૯૭૧૨૩૯૯૫૧૬, ૯૫૫૮૧૦૪૪૮૬

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં
નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૮૬/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૧/૦૭/૨૦૨૬
વાદી: જલાલોદ્દીન કુતબુદ્દીન સૈયદ, રહે. કાંગવે, તા.ચીખલી, જિ.નવસારી-૩૬૫૫૦
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી બલેશ્વર બલેશ્વર ગ્રામ પંચાયત, તા.પલસાણા, જી.સુરત
વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી જલાલોદ્દીન કુતબુદ્દીન સૈયદનો જન્મ તા.17/06/1983 ના રોજ બલેશ્વર, તા.પલસાણા, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને ગફલતથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ રોજ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં
નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૮૯/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૧/૦૭/૨૦૨૬
વાદી: સાદેકઅલી ઈસમાઈલ સીદાત, રહે. ૧૬૧, ચાલી ફળીયું, બલેશ્વર, તા.પલસાણા, જિ.સુરત
વિરૂધ્ધ
સામાવાળા : મામલતદારશ્રી પલસાણા તા.પલસાણા, જી.સુરત
વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી સાદેકઅલી ઈસમાઈલ સીદાતનો જન્મ તા.03/10/1954 ના રોજ બલેશ્વર, તા.પલસાણા, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને ગફલતથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ રોજ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જાણ કરવાની મોજે તરસાડી, તા. માંગરોળ, જી. સુરતના માં નીચેની વિગતવાળી સ્થાવર મિલકત આવેલી છે.

ક્રમ	રે.સ.નં.	પ્લોટ નં.	સી.સ.નં.	પ્રોપર્ટીનંબર
૧	૪૨૩ પૈકી !!	૫૧ !!	૮૦૪ !!	૧૦૦૪૩૧૩૭ ૧૦૦૪૮૩૧૦
૨	૩૩૪ થી ૩૩૭ અને ૩૪૩		૨૮૫૭	૧૦૦૪૩૮૧૫

સદર મિલ્કતો અમારા અસીલ અવિનાશભાઇ જયરામભાઇ મિસ્ત્રી નાએ પોતાના પિતા જયરામભાઇ મિસ્ત્રી સાથે ઘંધી કરી વસાવેલ હોય અને કુટુંબની મિલ્કતો છે. અને અમારા અસીલની માતા તુલસીબેન જયરામભાઇ મિસ્ત્રી ના નામે સરકારી કચેરીઓમાં ઔપચારીક રીતે ચાલી આવેલ હોવા છતાં તુલસીબેન જયરામભાઇ મિસ્ત્રી નાએ અમારા અસીલ તથા અન્ય વારસદારોનો કાયદેસરનો વણવહેંચાયેલો હક્ક હિસ્સો હોવા છતાં તેઓનો હક્ક ડૂબાડવા અમારા અસીલની બહેન રક્ષાબેન જયરામભાઇ નાએ માતા તુલસીબેન ને ગેરમાર્ગે દોરી ઉપરોક્ત મિલ્કતો પૈકી સીટીસર્વે નંબર- ૮૦૪, પ્રોપર્ટી નંબર-૧૦૦૪૩૧૩૭ અને ૧૦૦૪૮૩૧૦ વાળી મિલ્કતોને રજી.બક્ષીસ લેખ કરાવી લીધેલ. જેને અમારા અસીલે માંગરોળ સીવીલ કોર્ટમાં સ્પે.દિ. મુ. ૧૩/૨૦૨૫ થી દાવો દાખલ કરી સદર બક્ષીસ લેખ રદ કરાવવા તથા પોતાનો અને વારસદારોનો હક્ક મેળવવા દાવો કરેલ છે. જ્યારે મજકુર પ્રોપર્ટી નંબર-૧૦૦૪૩૮૧૫ વાળુ મકાન જે શિવમ સોસાયટીમાં આવેલ છે. તેમાં પણ અમારા અસીલનો તથા અન્ય વારસદારોનો હક્ક હોવા બાબતે અને તે મેળવવા માટે પણ માંગરોળ સીવીલ કોર્ટમાં રે.દિ.મુ. નં. ૫/૨૦૨૬ થી દાવો કરેલ છે. જે કામ મનાઇ અરજીની સુનાવણી માટે પેન્ડીંગ છે. તેમ છતાં સદર મિલ્કતમાં સરકારી દફતરે ચાલતા નામ તુલસીબેન જયરામભાઇ મિસ્ત્રી નાએ સદર મિલ્કત ત્રાહિત ઇસમોને બતાવી ગેર માર્ગે દોરી વેચાણ કરવાના ઇરાદે પ્રયત્ન કરી રહયા છે. તેવી અમારા અસીલ ને જાણ થયેલ હોઇ, જેથી જાહેર જનતાને આથી ચેતવણી આપી જાણ કરવાની કે, મજકુર સ્થાવર મિલ્કતો બાબતે કોઇએ કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં જો કરશો તો તેઓને કોઇ હક્ક પ્રાપ્ત થયે નહીં અને કોર્ટ કાર્યવાહીમાં જોડાવુ પડશે જેની નોંધ લેવી.
તા.૨૫/૦૭/૨૦૨૬
J.M. BHARIYA ADVOCATE
હમારી મારફત
જે.એમ. ધરીયા.
(એડવોકેટ)

શ્રી ભારૂંડી સેવા સહકારી મંડળી લી., ભારૂંડી

અનુભવી કર્મચારીની જરૂર છે.

1. શ્રી ભારૂંડી સેવા સહકારી મંડળી લી.

લાયકાત : ધો-12 પાસ, કોમ્પ્યુટર અને એકાઉન્ટના જાણકાર, સહકારી મંડળીના અનુભવીએ અરજી કરવી.

મળવાનો સમય : સવારે 8 થી 11, બપોરે 2 થી 5

Mo.:- 9426129043, 9016398483

બાયોડેટા પહોંચાડવાની તા:- 15-8-26. ઈન્ટરવ્યુ માટે ટેલીફોનીક જાણ કરવામાં આવશે.

લી.
પ્રમુખ શ્રી, ડિરેક્ટર શ્રી
શ્રી ભારૂંડી સેવા સહકારી મંડળી લી.
મુ.પો. ભારૂંડી તા.ઓલપાડ. જી.સુરત
પી.નં ૩૯૪૧૩૦, મો. ૯૦૧૬૩ ૯૮૪૮૩

ટચૂકડી

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૦

નોકરી વિષયક

જોઈએ છે
D.T.P કોમ્પ્યુટર ઓપરેટર ૧૦ થી ૧૫ વર્ષનો અનુભવ જરૂરી. મો. 8530550016

સુરત રેસ્ટોરન્ટ
માટે અનુભવી કારીગર જોઈએ છે કોલ 9898078652

ખુશાલભાઈ જ્વેલર્સને
જોઈએ છે સિનીયર એકાઉન્ટન્ટ. કોમ્પ્યુટર ઉપર ફાઈનલ એકાઉન્ટ સુધીનું સંપૂર્ણ જ્ઞાન જરૂરી. કોમર્સ ગ્રેજ્યુએટ હોવા સાથે મિનિમમ 2 વર્ષનો અનુભવ હોવો જરૂરી. લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લેપોઈન્ટ, સુરત. MO: 8160859341 (228)

લગ્ન વિષયક

પટેલ સિવિલ એન્જિનિયર
58 વર્ષ 5'4" ડિવોર્સ્ડ 1 બાલક, વિધવા, ત્યક્તા આવકાર્ય 9099735794

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

કંપનીની સાદી,
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

રેમન્ડ 3 પેન્ટપીસ
માત્ર રૂ. 1500/- આલીશાન, ભવાનીવડ, હરીપુરા, સુરત

પ્લોટ ફાયદાથી વેચવાનો છે
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત વેચવાની છે

સુરત ડાયમંડ બુર્સ
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગ